| | |
|---|---|
| શ્રી विद्या या विमुक्तये | **એ. જી. હાઈસ્કૂલ અને જી. એન્ડ ડી. પરીખ હાયર સેકન્ડરી સ્કૂલ**<br>**નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯.**<br>**પ્રથમ પરીક્ષા - ૨૦૧૪**<br>તારીખ : ૧૮-૦૯-૨૦૧૪ ધોરણ : ૧૦ સમય : ૩:૦૦ કલાક<br>વાર : ગુરૂવાર વિષય : સામાજિક વિજ્ઞાન ગુણ : ૧૦૦ |

**PART : A** **Marks: 50**

1. ભારતીય સંસ્કૃતિનું મુખ્ય ધ્યેય .............
   (A) માત્ર ભૌતિકવાદી દષ્ટિબિંદુ દર્શાવનાર હતું
   (B) માત્ર આદર્શગામી હતું.
   (C) માત્ર કલાકારીગરીમાં શિખરો સર કરવાનું હતું
   (D) ધર્મ, અર્થ કામ અને મોક્ષ હતું.
2. ભારતનાં પ્રત્યેક નાગરિકની પવિત્ર અને પ્રાથમિક ફરજ .......... છે.
   (A) વિદેશી પ્રજાને આવકારવી
   (B) નદીઓ અને વૃક્ષોની પવિત્રતા જાળવવી.
   (C) આપણાં પ્રાચીન સ્મારકો, ઐતિહાસિક સ્થળો અને મહત્ત્વ ધરાવતાં સ્થળોનું રક્ષણ કરવું
   (D) પોતાના ધર્મનું પાલન કરવું.
3. ગુજરાતમાં મગફળીનાં પાકનું સૌથી વધુ ઉત્પાદન ક્યા જિલ્લામાં થાય છે ?
   (A) જૂનાગઢ (B) ભાવનગર
   (C) અમરેલી (D) રાજકોટ
4. ગુજરાતનો ક્યો પ્રદેશ 'સોનેરી પાનનો મુલક' કહેવાય છે ?
   (A) ચરોતર (B) કાનમ
   (C) કચ્છ (D) ભાલ
5. 'વિશ્વ પર્યાવરણદિન' ક્યા દિવસે ઊજવાય છે ?
   (A) 5 જૂને (B) 29 ડિસેમ્બરે
   (C) 4 ઓક્ટોબરે (D) 21 માર્ચે
6. ચીડના રસમાંથી શું મળે છે ?
   (A) આયોડિન (B) રબર
   (C) લાખ (D) ટર્પેન્ટાઇન
7. નાટ્યશાસ્ત્રની રચના કોણે કરી છે ?
   (A) વાલ્મિકીએ (B) યાજ્ઞવલ્કય મુનિએ
   (C) વિશ્વામિત્રે (D) ભરતમુનિએ
8. નીચેનાં સ્થળો પૈકી ક્યું સ્થળ બાંધણી માટે જાણીતું છે ?
   (A) અંજાર (B) સુરત
   (C) જામનગર (D) પાલનપુર
9. શ્રીકૃષ્ણનાં જીવન પ્રસંગ પર આધારીત શાસ્ત્રીય નૃત્યપ્રકાર જણાવો.
   (A) કથક (B) કથકલી
   (C) મણિપુરી (D) ભરતનાટ્યમ્
10. 'કૈલાસ મંદિર' નામનું અદ્‌ભૂત મંદિર કઈ ગુફાઓમાં છે ?
    (A) ઈલોરાની (B) ઍલિફન્ટાની
    (C) અજંતાની (D) બાધની

11. માળવાનો કોનો મકબરો સંપૂર્ણ આરસથી સુશોભિત ભારતીય શૈલીનો છે ?
(A) હોશંગશાહ (B) બાબર
(C) મુહમ્મદ શાહ (D) અહમદ શાહ

12. સહસ્ત્રલિંગ તળાવ અને રાણકી વાવ ક્યા શહેરમાં આવેલા છે ?
(A) ડભોઈ (B) અમદાવાદ
(C) જૂનાગઢ (D) પાટણ

13. ઓરિસ્સાની કઈ નદી મુખત્રિકોણ પ્રદેશ ધરાવે છે ?
(A) કૃષ્ણાનદી (B) મહાનદી
(C) કાવેરી નદી (D) મહી નદી

14. 'પૃષ્ઠીય જળ'નો મુખ્ય સ્ત્રોત ક્યો છે ?
(A) નદીઓ (B) તળાવો
(C) સરોવરો (D) માનવ-નિર્મિત જળાશયો

15. સંસાધનોનાં આયોજનથી શું પ્રદૂષણ મુક્ત રહે છે ?
(A) આબોહવા (B) ખનીજો
(C) જંગલો (D) પર્યાવરણ

16. 2 થી 9 ઓક્ટોબર દરમિયાન શું ઊજવવામાં આવે છે ?
(A) વન મહોત્સવ (B) વિશ્વ પ્રકૃતિ સપ્તાહ
(C) વન્ય પ્રાણી સપ્તાહ (D) પર્યાવરણ સપ્તાહ

17. વૈશ્વિકરણની નીતિ ક્યા પ્રકારનાં વ્યાપાર સાથે જોડાયેલી છે ?
(A) સ્થાનિક (B) વિદેશ
(C) આંતરિક (D) પ્રાદેશિક

18. સાપેક્ષ ગરીબી કઈ રીતે જાણી શકાય છે ?
(A) લઘુત્તમ આવક દ્વારા (B) મહત્તમ આવક દ્વારા
(C) સરેરાશ આવક દ્વારા (D) નિર્ધારિત આવક દ્વારા

19. ભારતમાં ગરીબાઈનું સૌથી ઊંચું પ્રમાણ ક્યા રાજ્યમાં છે ?
(A) મધ્યપ્રદેશમાં (B) ઉત્તર પ્રદેશમાં
(C) ઉડીસા (ઓરિસ્સા)માં (D) બિહારમાં

20. ટેકનોલોજીનાં સંઘર્ષમાંથી જન્મતી બેરોજગારી ક્યા પ્રકારની બેરોજગારી કહેવાય છે ?
(A) ઘર્ષણજન્ય બેરોજગારી (B) પ્રચ્છન્ન બેરોજગારી
(C) ચક્રીય બેરોજગારી (D) માળખાગત બેરોજગારી

21. રોજગારીના અભાવે વર્ષના ૩ થી ૫ મહિના અનૈચ્છિક રીતે બેકાર રહેતાં લોકોની બેકારી ક્યા પ્રકારની બેકારી કહેવાય?
(A) મોસમી બેકારી (B) પ્રચ્છન્ન બેકારી
(C) માળખાગત બેકારી (D) ઔદ્યોગિક બેકારી

22. ગણિતશાસ્ત્રના પિતા કોને કહેવામાં આવે છે ?
(A) બ્રહ્મગુપ્ત (B) ચરક
(C) ભાસ્કરાચાર્ય (D) આર્યભટ્ટ

23. ટેરાકોટા એટલે શું ?
(A) પાટણમાંથી બનતું રેશમી વસ્ત્ર, જે બંને બાજુ પહેરી શકાય
(B) પકવેલી માટીના વાસણો તેમજ વસ્તુઓ માટેનો શબ્દ
(C) દિવાસળીની પેટીમાં સમાઈ શકતો કાપડનો તાકો
(D) પાણી લાવવા લઈ જવા માટે વપરાતી પખાલ-મશકો

24. ગુજરાતનું ક્યું શહેર અકીકના વેપારનું મહત્ત્વનું કેન્દ્ર છે ?
(A) ખંભાત (B) સુરત
(C) પાલનપુર (D) અંજાર

25. ભારતનાં બંધારણમાં કેટલી ભાષાઓને સ્થાન આપવામાં આવ્યું છે ?
(A) 12 (B) 15
(C) 18 (D) 21

26. ભારતીય સાહિત્યનું પ્રાચીનતમ પુસ્તક ક્યું છે ?
(A) મહાભારત (B) રામાયણ
(C) સામવેદ (D) ઋગ્વેદ

27. વિક્રમચરિતનાં વૃક્ષોને કોની સમાન ગણવામાં આવે છે ?
(A) સંતપુરુષ (B) દેવ
(C) ઋષિ (D) ગુરુ

28. જમીન એ ભૂસપાટીનું કેવું સ્તર છે ?
(A) સર્જનશીલ (B) પરિવર્તનશીલ
(C) અપરિવર્તન શીલ (D) જડસ્તર

29. આસામનાં જંગલો અને પશ્ચિમ બંગાળના દલદલ વિસ્તારોમાં ક્યું પ્રાણી જોવા મળે છે ?
(A) હાથી (B) એક શિંગી ગેંડો
(C) વાઘ (D) સિંહ

30. 'નેશનલ મરીનપાર્ક' ક્યાં આવેલો છે ?
(A) મનારના અખાતમાં (B) ખંભાતના અખાતમાં
(C) બંગાળની ખાડીમાં (D) કચ્છનાં અખાતમાં

31. હીરાકુંડ બહુહેતુક યોજના કઈ નદી પર આવેલી છે ?
(A) મહાનદી (B) કાવેરી નદી
(C) કૃષ્ણા નદી (D) સતલુજ નદી

32. પૃથ્વી પર જળસંશાધનો મુખ્ય સ્રોત ક્યો છે ?
(A) નદી (B) મહાસાગર
(C) વૃષ્ટિ (D) સરોવર

33. નીચેનામાંથી ક્યું એક જોડકું સાચું નથી તે જણાવો.
(A) ખરીફ પાક - ચોમાસામાં લેવાય છે (B) રવિ પાક - શિયાળામાં લેવાય છે
(C) જાયદ પાક - ઉનાળામાં લેવાય છે (D) રોકડિયા પાક - બારે માસ લેવાય છે

34. રાજ્યની આવક અને ખર્ચ કરવાની નીતિને કઈ નીતિ કહેવાય ?
(A) રાજકીય નીતિ (B) રાજકોષીય નીતિ
(C) પંચવર્ષીય નીતિ (D) ઔદ્યોગિક નીતિ

35. આર્થિક ઉદારીકરણની નીતિથી ક્યો એક ગેરલાભ થાય છે ?
(A) હૂંડિયામણની અનામતમાં વધારો થયો છે
(B) ઔદ્યોગિક ઉત્પાદન વધ્યું છે
(C) આંતરરાષ્ટ્રીય બજારમાં હરિફાઈ કરવાની આપણી શક્તિ વધી છે
(D) આર્થિક અસમાનતામાં વધારો થયો છે.

36. વાલ્મીકિ આંબેડકર આવાસ યોજના (VAMBAY) મુજબ શહેરી વિસ્તારમાં રહેતાં ગરીબોને નીચેનાં પૈકી કઈ સગવડ આપવામાં આવે છે ?
(A) કાચા મકાન બાંધવા (B) સાદાં પાકાં મકાન બાંધવા
(C) ધંધા રોજગાર માટે (D) ફ્લેટ બાંધવા

37. ક્યો સ્તૂપ બૌધ્ધ ધર્મ સ્થાપત્ય અને ભારતીય સંસ્કૃતિનો અમૂલ્ય વારસો ગણાય છે ?
(A) સાંચીનો સ્તૂપ (B) સારનાથ સ્તૂપ
(C) ધર્મરાજિકા સ્તૂપ (D) બોધિગયાનો સ્તૂપ

38. જે વ્યક્તિ કામ કરવાની વૃત્તિ ધરાવતો હોય, કામ કરવાની ઈચ્છા હોય, યોગ્ય લાયકાત અને શક્તિ ધરાવતાં હોય, બજારનાં પ્રવર્તમાન દરે કામ કરવાની તૈયારી હોય અને કામની શોધમાં હોવા છતાં કામ ન મળે તેને .........
(A) અશક્ત કહે છે (B) બેરોજગાર કહે છે
(C) નિષ્ફળ કહે છે (D) એક પણ નહિં

39. જવાહર ગ્રામસમૃદ્ધિ યોજના એ ક્યા પ્રકારનાં રોજગારી કાર્યક્રમ હેઠળ ચાલે છે ?
(A) સ્વરોજગારી કાર્યક્રમ (B) વેતનયુક્ત રોજગાર કાર્યક્રમ
(C) ગ્રામ રોજગાર કાર્યક્રમ (D) શહેરી વિકાસ કાર્યક્રમ

40. વિકાસશીલ દેશોનાં અર્થતંત્રનાં માળખાનું સ્વરૂપ કેવું હોય છે ?
(A) દ્વિમુખી (B) પ્રગતિશીલ
(C) પછાત (D) વિકાસ વિહોણું

41. આર્થિક દૃષ્ટિએ ભારત કેવો દેશ છે ?
(A) વિકસિત (B) સમૃદ્ધ
(C) વિકાસશીલ (D) અલ્પવિકસિત

42. ભારતનો ક્યો ગ્રંથ સંગીતની ગંગોત્રી ગણાય છે ?
(A) યજુર્વેદ (B) સામવેદ
(C) અથર્વવેદ (D) ઋગ્વેદ

43. નીચેનામાંથી એક જોડકું ખરું નથી તે શોધીને ઉત્તર લખો.
(A) ગૌરવર્ણ, બદામી આંખો - દ્રવિડો (B) શ્યામવર્ણ, વાંકડિયા વાળ - નેગ્રીટો (હબસી)
(C) શ્યામ રંગ, ચપટું નાક - ઑસ્ટ્રેલોઇડ (D) પીળો વર્ણ, ચપટો ચહેરો - મૉંગોલોઇડ

44. ક્યું સંશાધન નવીનીકરણ છે ?
(A) ખનીજ તેલ (B) બાયોગૅસ
(C) ખનીજ કોલસો (D) કુદરતી વાયુ

45. ક્યા પ્રકારની જમીન રેગુરનાં નામે ઓળખાય છે ?
(A) કાળી (B) રાતી
(C) પડખાઉ (D) રણપ્રકારની

46. ચોમાસામાં થતાં પાકને ક્યા પાક તરીકે ઓળખાય છે ?
(A) રવી (B) ખરીફ
(C) ઝાયદ (D) ફૂલો

47. ભૂમિગત જળની ક્ષમતાને વધારવાની કઈ પદ્ધતિ છે ?
(A) નહેરજળ સંચયન (B) તળાવ સંચયન
(C) વૃષ્ટિ જળ સંચયન (D) હિમ વૃષ્ટિ સંચયન

48. કૉફીના વધુ ઉત્પાદન માટે ક્યો પ્રદેશ જાણીતો છે ?
(A) કાનમ (B) કૂર્ગ
(C) ચરોતર (D) કોરોમાંડલ

49. ભારતનાં ક્યા રાજયમાં તેના સ્પષ્ટ વાવેતર ક્ષેત્રનાં સંદર્ભમાં સૌથી ઓછું સિંચાઈ ક્ષેત્ર જોવા મળે છે.
(A) હરિયાણા (B) રાજસ્થાન
(C) મિઝોરમ (D) જમ્મુ-કાશ્મીર

50. ભારવિનો પ્રસિદ્ધ ગ્રંથ ક્યો છે ?
(A) મુદ્રારાક્ષસ (B) ઉત્તરરામચરિત
(C) કિરાતાર્જુનીયમ્ (D) રઘુવંશ

• • •

## PART - B

### SECTION : A

**માગ્યા મુજબ ઉત્તર લખો. (પ્રત્યેકના 2 ગુણ)** **(10)**

1 ભારતની મોતી અને મીનાકારી વિશે માહિતી આપો.
2 ભારતનાં પ્રાકૃતિક અને સાંસ્કૃતિક વારસા વચ્ચેનો તફાવત જણાવો.

**અથવા**

સાંચીનાં સ્તૂપનો પરિચય આપો.
3 ભારતમાં કૃષિ ક્ષેત્રે પૂરતો વિકાસ સાધી શકાયો નથી. શાથી ?
4. વન્ય જીવોની રક્ષા કરવી એ આપણી નૈતિક ફરજ છે શાથી ?
5 ચીપકો આંદોલન વિશે માહિતી આપો.

### SECTION : B

**માગ્યા મુજબ ઉત્તર લખો. (પ્રત્યેકનાં 2 ગુણ)** **(10)**

6. આર્થિક પ્રવૃત્તિ અને બિનઆર્થિક પ્રવૃત્તિ એટલે શું ? ઉદાહરણ સહિત સમજ આપો.

**અથવા**

વૈશ્વિકીકરણ સાથે કઈ કઈ બાબતો સંકળાયેલી છે ?
7. કાળું નાણું ભાવવૃદ્ધિ માટે જવાબદાર પરિબળ છે કેવી રીતે ?
8. મોહેં-જો-દડોની ભૂગર્ભ ગટર યોજના વિશે ટૂંકનોંધ લખો.
9. આવશ્યક ચીજવસ્તુઓનો ધારો શું છે ?
10. સંકલ્પના સમજાવો : (૧) નિરપેક્ષ ગરીબી (૨) સાપેક્ષ ગરીબી

### SECTION : C

**માગ્યા મુજબ ઉત્તર લખો. (પ્રત્યેકનાં 3 ગુણ)** **(15)**

11. ગુજરાતી ગદ્ય-પદ્ય સાહિત્યનો વિકાસ વર્ણવો.
12. મહાકાવ્યો તરીકે રામાયણ અને મહાભારતનો પરિચય આપો.

**અથવા**

પ્રાચીન ભારતીય કાષ્ઠકલાનો ટૂંકમાં પરિચય આપો.
13. બહુહેતુક યોજનાના હેતુઓ-ઉદ્દેશો જણાવો.
14. ઉત્પાદનનાં સાધનો કેટલા અને કયા કયા છે ? દરેકનો ટૂંકમાં પરિચય આપો.
15. નિરક્ષરતા અને શોષણએ ગરીબીનું મૂળ છે, સમજાવો.

**અથવા**

વિકાસશીલ અર્થતંત્રનાં લક્ષણો જણાવો.

## SECTION : D

**માગ્યા મુજબ ઉત્તર લખો. (પ્રત્યેકનાં 5 ગુણ)** **(15)**

16. ભારતની ભૂમિ પર આવેલા વિભિન્ન પ્રાચીન પ્રજાઓ અને તેનું પ્રદાન જણાવો.

17. પ્રાચીન ભારતનાં એક નગર તરીકે ધોળાવીરાના નગર-આયોજન વિશે માહિતી આપો.

<u>અથવા</u>

ગ્રાહકના શોષણ માટેના જવાબદાર પરિબળો કયા કયા છે ?

18. **તમને આપેલા ભારતનાં નકશામાં નીચેની વિગતો યોગ્ય સંજ્ઞા વડે, યોગ્ય સ્થાને દર્શાવવો. (પ્રત્યેકનો 1 ગુણ)**
(1) સૌથી વધુ (86.9 %) જંગલ વિસ્તાર ધરાવતો પ્રદેશ.
(2) મગફળી ઉત્પન્ન કરતો એક પ્રદેશ
(3) નાગાર્જુન સાગર યોજના
(4) કપાસ ઉત્પન્ન કરતો એક પ્રદેશ
(5) ભાખડા-નાંગલ યોજના

• • •